સહકાર !    સેવા !!    સંગઠન !!!

## શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ

# બંધારણ

છપાવી પ્રસિદ્ધ કરનાર

— સંઘની કારોબારી વતી —

**ગોરધનદાસ અમથારામ દલાલ**

પાલડી–એલીસબ્રીજ, પેટ્રોલ પંપ સામે, અમદાવાદ.

પ્રમુખ : ગુ. વા. સેવા સંઘ.

**વિશ્વનાથ શીવરામ લીમ્બચીયા**

મુ. ઉનાવા, વાયા–ઉંઝા.

**છોટાભાઈ કાશીભાઈ ગાડીયા**

સ્ટેશન રોડ, પેટલાદ.

મંત્રીઓ : ગુ. વા. સેવા સંઘ

<u>બંધારણ-પૂર્તિ</u>

# શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘ-અમદાવાદ.

(સ્થાપના સને ૧૯૫૭ એપ્રીલ-ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર A-૧૮૨૪)

**(અ) ઉદ્‌ઘાટન અધિવેશનમાં સંઘની સામાન્ય સભાએ તા. ૧૦-૬-૫૯ ના રોજ પસાર કરેલા ઠરાવો :—**

(૧) શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘની સભાસદ ફી રૂા. ૧) એકને બદલે ચાર આના યાને પચીસ નવા પૈસા રાખવાનું ઠરાવવામાં આવે છે. આનો અમલ એપ્રીલ સને ૧૯૬૦ થી કરવાનું નક્કી કરવામાં આવે છે.

(૨) સંઘની હાલની ચૂંટણી પદ્ધતિમાં ફેરફાર કરી પચીસ સામાન્ય સભ્યો ગામ, શહેર કે જીલ્લામાંથી એક પ્રતિનિધિ પોતામાંથી ચૂંટી શકશે. આ રીતે ચૂંટાએલા પ્રતિનિધિઓની સભાને મહાસમિતિ કહેવામાં આવશે. આ મહાસમિતિ પોતામાંથી કાર્યવાહક કમીટી અને હોદ્દેદારો ચૂંટી શકશે. આ ઠરાવનો અમલ સને ૧૯૬૦ ના એપ્રીલથી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩) કાર્યવાહક કમીટીની સભ્ય સંખ્યા (૨૫) પચીસની છે તેને બદલે (૩૧) એકત્રીસ સભ્યોની સંખ્યા ઠરાવવામાં આવે છે.

**(બ) શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘની સામાન્ય સભાએ તા. ૧૬-૬-૬૨ ના રોજ પસાર કરેલા ઠરાવો :—**

ઠરાવ-૪. સંસ્થાની જરૂરીઆત સમયે મંડળના ટ્રસ્ટીઓને

લોને કે કરજે નાંણા લેવાની તેમજ તે અંગે તમામ વિધિ કરવાની સત્તા આપવામાં આવે છે.

ઉપરનો નિયમ સંઘના બંધારણમાં ઉમેરવો.

**ઠરાવ–૫.** સંઘના બંધારણની કલમ–૮ માં બે મંત્રીઓ અને બે સહમંત્રીઓ છે તે ઉપરાંત પરદેશ મંત્રીની જગા પણ કરવાનો સુધારો બંધારણમાં કરવાનું ઠરાવવામાં આવે છે અને એક મંત્રી અને ચાર સહમંત્રી રાખવાનું ઠરાવવામાં આવે છે.
**ઠરાવ–૭.** –ચૂંટણી પદ્ધતિ નીચે પ્રમાણે રહેશે —

સામાન્ય સભ્યો, આજીવન સભ્યો, શુભેચ્છક, સહાયક, દાતા અને આશ્રયદાતાઓના બનેલા સભ્ય મંડળમાંથી મહાસમિતિ અને હોદ્દેદારો બનશે. મહાસમિતિમાંથી કારોબારી અને કારોબારીમાંથી હોદ્દેદારો ચૂંટાશે.

પચીસ સામાન્ય સભ્યો દીઠ ૧ (એક) પ્રતિનિધિ (મહાસમિતિનો સભ્ય) લેવામાં આવશે, હોદ્દેદારો સહિત કારોબારીની સંખ્યા (૩૧) રહેશે અને મહાસમિતિના સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી (૧૦૧) રહેશે તેનું કોરમ ૧/૩ સભ્યોનું ગણાશે.

બંધારણની કલમ ૮ (૨) જેમાં ૭૫ ની સંખ્યા તથા કલમ ૮ (૩) જેમાં ૨૫ ની સંખ્યા છે તે ૨૬ કરવામાં આવે છે.

# શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘનું

# બંધારણ

**૧. નામ :—**

આ સંસ્થા "શ્રી ગુજરાત વાળંદ સેવાસંઘ" એ નામે ઓળખાશે.

**૨. ઉદ્દેશ :—**

ગુજરાત (એટલે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ)માં વસતી હિન્દુ વાળંદ જ્ઞાતિની સર્વાંગી ઉન્નતિ.

**૩. ઉદ્દેશનું દિગ્દર્શન અને કાર્યક્ષેત્ર :—**

(અ) કેળવણી પ્રચાર

(બ) જ્ઞાતિ સંગઠન

(ક) સામાજીક સુધારા

(ડ) માસિક પ્રકાશન

(ઇ) સમય અને સંજોગાનુસાર કંઇક વધુ કરવા જેવું લાગે તે
સંઘનું મુખ્ય કાર્ય કેળવણી પ્રચાર રહેશે.

**(અ) કેળવણી :—**

(૧) જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે કેળવણીને લગતી પ્રવૃત્તિઓ શરૂ કરવી.

(૨) કેળવણીના સર્વ ક્ષેત્રોને વિશાળ અર્થમાં પોષવા પ્રવૃત્તિઓ આદરવી.

(૩) ભારતમાં ઉચ્ચ અભ્યાસ માટે જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને જોઈતી મદદ મર્યાદાનુસાર કરવી.

(૪) સંસ્થાના ફંડ અનુસાર ઉચ્ચ અભ્યાસ માટે પરદેશમાં જવા ઇચ્છતા યોગ્ય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મદદ કરવા શકય પ્રબંધ કરવો.

(૫) ઉચ્ચ અભ્યાસ માટે કોઇપણ કોલેજ (જેમાં આર્ટ વ્યાપાર (કોમર્સ) વિજ્ઞાન (સાયન્સ), વૈદ્યકિય (મેડીકલ), ઇજનેરી (એન્જીનીયરીંગ), ખેતીવાડી (એગ્રીકલ્ચર) અને વકીલાત (લો)નો અભ્યાસ કરાવવામાં આવતો હોય તેવી ખાનગી, રાષ્ટ્રીય કે સરકારી કોલેજોમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ આપવી અગર લોન (રૂણ) રૂપે મદદ કરવી.

(૬) જ્ઞાતિમાં માધ્યમિક કેળવણી લેતા યોગ્ય વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને ફી, પુસ્તકો અને અન્ય મદદ વગેરે આપી પ્રોત્સાહન આપવું.

(૭) આ "સંઘ"ને યોગ્ય લાગે ત્યારે અમદાવાદમાં તેમજ અન્ય સ્થળોએ સંસ્થાની સદ્ધરતા અને સંજોગાનુસાર છાત્રાલયો ખોલવાં અને ખોલાવવાં.

(૮) જ્ઞાતિના અન્ય વિદ્યાર્થીગૃહોનો વહીવટ જે સંઘના ધ્યેય અને ધોરણને અનુરૂપ રહી સોંપવા તૈયાર હોય તો સ્વીકારવો.

(૯) સંસ્થાના ધ્યેય અનુસાર જ્ઞાતિ ઉન્નતિ માટે અથવા કેળવણીને લગતા હેતુઓ માટે સંઘને સમર્પિત થયેલ ટ્રસ્ટનો સ્વીકાર કરવો અથવા સંઘના ધ્યેય અનુસાર બહેનોને ગૃહઉદ્યોગ જેવી પ્રવૃત્તિઓમાં પ્રોત્સાહન મળે તેવી યોજના કરીને આપે તો તેનો વહીવટ સ્વીકારવો.

(૧૦) બહેનોને કેળવણી ઉપરાંત ગૃહઉદ્યોગ માટે પ્રોત્સાહન આપવું.

(બ) સંગઠન :—

જ્ઞાતિનું ઐકય સાધવા સારૂ જ્યાં શકય હશે ત્યાં પોતાની શાખાઓ–સ્થાપી સભાઓ ભરશે. એટલું જ નહિ પણ હાલ જે વિભાગોમાં સ્વતંત્ર મંડળો કામ કરતાં હશે તે મંડળો "શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ"ના ધ્યેય અને કાર્યને અનુરૂપ રહીને "સંઘ" સાથે જોડાવા માગતા હશે તો તેમ અગર અરસપરસના કાર્યની એકતા સાધી એકબીજાને ઉપયોગી થવાય અને જ્ઞાતિનું કાર્ય સરળતાથી ઉકલે અને ઐકય વધે તેવા પ્રયત્ન કરવામાં આવશે.

(ક) સામાજિક સુધારા :—

જ્ઞાતિમાં ક્રમશઃ સામાજિક સુધારા કરશે અને કરાવવા પ્રયત્ન કરશે.

(ડ) માસિક પ્રકાશન :—

જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે અને પ્રચાર અર્થે "**વાળંદ વિકાસ**" નામનું માસિક પ્રકટ કરવામાં આવશે.

૪. સભ્ય :—

પુખ્ત ઉંમરના એટલે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના ભાઇ–બહેન જે આ "**સંઘ**" ના ધ્યેય અને કાર્યમાં માનતા હોય, તે "**સંઘ**" ના સભાસદ થઈ શકશે.

૫. સભ્યના પ્રકાર :—

આ સંસ્થાની સામાન્ય સમિતિના સભ્યો ૭ ( ૬ ) પ્રકારના રહેશે.

**( ૧ ) આશ્રયદાતા :—**

જે કોઈ વ્યક્તિ એકી વખતે રૂા. ૫૦૦૧) અગર તેથી વધુ રકમ આપશે તેને "**આશ્રય દાતા**" અને કાયમી સભ્ય ગણવામાં આવશે.

**( ૨ ) દાતા :—**

જે કોઈ વ્યક્તિ એકી વખતે રૂા. ૨૦૦૧) અગર તેથી વધુ રકમ આપશે તેને "**દાતા**" અને કાયમી સભ્ય ગણવામાં આવશે.

**( ૩ ) સહાયક :—**

જે કોઈ વ્યક્તિ એકી વખતે રૂા. ૧૦૦૧) અગર તેથી વધુ રકમ આપશે તેને "**સહાયક**" અને કાયમી સભ્ય ગણવામાં આવશે.

**( ૪ ) શુભેચ્છક :—**

જે કોઈ વ્યક્તિ એકી વખતે રૂા. ૫૦૧) અગર તેથી વધુ રકમ આપશે તેને "**શુભેચ્છક**" અને કાયમી સભ્ય ગણવામાં આવશે.

(૫) **આજીવન :—**

જે કોઇ વ્યક્તિ એકી વખતે રૂા. ૧૫૧) અગર તેથી વધુ રકમ આપશે તેને "**આજીવન**" અને કાયમી સભ્ય ગણવામાં આવશે.

(૬) **વાર્ષિક :—**

દર વર્ષે રૂા. ૧) એક આપનાર વ્યક્તિને "વાર્ષિક" સભ્ય તરીકે ગણવામાં આવશે.

**નોંધ :—**

"વાર્ષિક" સભાસદો સિવાયના વર્ગના બાકીના સભ્યોને ઉપલા વર્ગમાં બાકીની રકમ આપતાં જવાની છુટ રહેશે.

**૬. સભ્યના અધિકાર :—**

(૧) "સંઘ"ની વાર્ષિક સામાન્ય કે અસાધારણ સભામાં હાજર રહી કાર્યવાહીમાં ભાગ લેવો ને તેમાં પોતાનો મત આપવો.

(૨) કોઇપણ સભ્યને સભ્યપદનું રાજીનામું આપવું હશે તો તે લેખિત આપવું પડશે, અને કાર્યવાહક સમિતિ તે સ્વીકારે ત્યારબાદ સભ્ય તરીકે મુકત થયેલો ગણાશે.

**૭. "સંઘ"નું વર્ષ —**

"સંઘ"નું વર્ષ એપ્રીલ માસથી શરૂ થઇ માર્ચ આખરે પુરું થશે.

**૮. સંચાલન :—**

(૧) સંઘની પ્રવૃત્તિ આગળ ધપાવવા માટે સંઘની સામાન્ય સભા (૧) મહાસમિતિ અને (૨) ટ્રસ્ટ મંડળની ચૂંટણી કરશે.

આ સામાન્ય સભા મહાસમિતિના સભ્યોમાંથી નીચેના હોદ્દેદારો સહિતની કાર્યવાહક સમિતિ એક વર્ષ માટે ચૂંટશે.

| | |
|---|---|
| (૧) પ્રમુખ | (૨) પાંચ ઉપપ્રમુખ |
| (૩) બે મંત્રીઓ | (૪) બે સહમંત્રીઓ |
| (૫) કોષાધ્યક્ષ | (૬) અન્વેષક |
| (૭) તંત્રી અને | (૮) પ્રકાશક. |

(૨) (અ) **મહાસમિતિની** સભ્ય સંખ્યા (૭૫) પંચોતેર સભ્યોની રહેશે.

(બ) આશ્રયદાતાઓ, દાતા, સહાયક, શુભેચ્છક, સભ્યોમાંથી જે મહાસમિતિમાં ચુંટાયેલ નહિ હોય તેમને મહાસમિતિના વધારાના સભ્ય તરીકે ગણી લેવામાં આવશે અને તેવા સભ્યોને મહાસમિતિની સભામાં હાજર રહી ચર્ચામાં ભાગ લેવાનો તેમજ મત આપવાનો અધિકાર રહેશે.

(૩) કાર્યવાહક **સમિતિની** સભ્યઃસંખ્યા (૨૫) પચ્ચીસની રહેશે. હોદ્દેદારો સહિતના (૨૫) પચ્ચીસ સભ્યોની નિમણૂંક સામાન્ય સભા કરશે.

(૪) **ટ્રસ્ટી મંડળ :—**

સંઘની સ્થાવર તેમજ જંગમ મિલકતની સહીસલામતી અને વ્યવસ્થા માટે નવ (૯) સભ્યોનું ટ્રસ્ટી મંડળ રહેશે.

(અ) સંસ્થાની સ્થાવર–જંગમ મિલકત તેમજ જામીનગીરીઓ વિગેરે "શ્રી ગુજરાત–વાળંદ સેવા સંઘ" ના ટ્રસ્ટીઓને નામે રહેશે.

(બ) ટ્રસ્ટીઓ સામાન્ય સભાની સંમતિ સિવાય "સંઘ"ની સ્થાવર કે જંગમ મિલકત દાન કે ભેટ આપી શકશે નાહ અને વેચી શકશે નહિ, તેમજ ગીરો મૂકશે નહિ.

(ક) ટ્રસ્ટીઓની મુદત પ્રાંચ (૫) વર્ષની ગણાશે. દર પાંચ વર્ષની આખરે સામાન્ય સભા ટ્રસ્ટીઓની નવેસરથી નિમણૂંક કરશે. આ નિમણૂંકમાં નિવૃત્ત થતા ટ્રસ્ટીઓ ફરી ચુંટાવાને યોગ્ય ગણાશે.

(ડ) જામીનગીરી અથવા રોકાણોમાં ફેરફાર કરવાની અગર રોકાણ કરવાની સત્તા ટ્રસ્ટી મંડળની રહેશે.

(ઈ) સંસ્થાની સ્થાવર મિલકતમાં ફેરફાર કરવાની સત્તા સામાન્ય સમિતિને રહેશે.

(ફ) આ સંસ્થાના અથવા સંસ્થા હસ્તકના ફાજલ ફંડની રકમ પૈકી મોટી રકમ પડતર રહે તે કાર્યવાહક સમિતિની બહાલીથી ટ્રસ્ટ એક્ટના નિયમાનુસાર સંઘના ટ્રસ્ટીઓના નામે રોકવામાં આવશે. ટ્રસ્ટીઓની નવી ચૂંટણી થતાં વિદાય થતા ટ્રસ્ટીઓ જામીનગીરીઓ અને રોકાણો નવા ટ્રસ્ટીઓના નામ પર કરી આપશે અને સ્થાવર મિલકતો નવા ટ્રસ્ટીઓના નામ પર દાખલ કરવામાં આવશે.

(ગ) ટ્રસ્ટીઓ પૈકી કોઈ ગાંડો, નાદાર, અગર સંઘનો દેવાદાર બનશે તો તે ટ્રસ્ટી મંડળમાંથી આપોઆપ દૂર થવાને પાત્ર ઠરશે.

મુદત દરમિયાન ખાલી પડતી ટ્રસ્ટીની જગા મહાસમિતિ પૂરી શકશે.

## ૯. હોદ્દેદારોની ફરજો :—

### પ્રમુખ :—

કાર્યવાહક મંડળની સામાન્ય સભા, અસાધારણ સભા અને વાર્ષિક સભાના કામકાજમાં દોરવણી આપશે અને વ્યવસ્થા જાળવશે, સંસ્થાના રોજબરોજના કામોમાં ધ્યાન આપશે આ અંગેની બધી જરૂરી સત્તા પ્રમુખની રહેશે.

### ઉપપ્રમુખ :—

પ્રમુખની ગેરહાજરીમાં તેના અધિકારનાં કામો કરશે અને પ્રમુખ હાજર હોય તે સમયે તેમના કામમાં મદદ કરશે.

### મંત્રી :—

(૧) સંઘના ધ્યેય અને સંઘ તરફથી યોજાયેલ પ્રવૃત્તિઓને સફળ બનાવવા પ્રયત્ન કરશે. ઉપરાંત યોગ્ય લાગે ત્યારે પ્રચાર મીટીંગો ભરશે–ભરાવશે.

(૨) મહાસમિતિની તથા કાર્યવાહકસમિતિની સઘળી મીટીંગોની તેના સભ્યોને તેના કામકાજ સાથેની લેખિત જાણ કરશે.

(૩) સંઘના વર્ષ દરમિયાન થયેલ કામનો સંપૂર્ણ હેવાલ વાર્ષિક સભા સમક્ષ રજુ કરશે.

(૪) સભાનું વર્ષ પૂરું થયે ત્રણ માસની મુદતમાં વાર્ષિક સભા બોલાવવા તજવીજ કરશે.

(૫) સંઘના સભ્યોના લવાજમ, સભાસદ ફી ઉઘરાવશે.

(૬) સભાના કામકાજની નોંધ રાખશે.

(૭) સભાના નામે પત્રવ્યવહાર કરશે.

(૮) માસિક રૂા. ૧૦) સુધીનું ખર્ચ કરી શકશે અને રૂા. ૨૫) પચ્ચીસથી વધારે સિલક ભેગી થતાં ખજાનચીને મોકલી આપશે.

૧૦. મદદનીશ મંત્રી :—

(૧) મંત્રીની ગેરહાજરીમાં મદદનીશ મંત્રીઓ પૈકી હાજર રહેલા સભ્યો નક્કી કરે તે મંત્રી તરીકે કામ કરશે.

(૨) સંઘના રોજીંદા કામોમાં મંત્રીને સહકાર આપશે.

૧૧. કોષાધ્યક્ષ :—

(૧) સંઘના મંત્રી–પ્રમુખ તથા અન્ય કાર્યકરો તરફથી સભાસદ ફી, માસિકનું લવાજમ તથા દાન, ભેટ તેમજ ટ્રસ્ટની રકમો વગેરે જે કંઈ મોકલવામાં આવે તેનો સ્વીકાર કરશે અને પાકી પહોંચ આપશે.

(૨) આવક–જાવકનો હિસાબ રાખી સંઘે ઠરાવેલી નીતિ મુજબ તેની વ્યવસ્થા કરશે.

(૩) સંઘનું ભંડોળ સંસ્થાના નામે ઠરાવેલી બેંકોમાં મૂકવામાં આવશે અને તે કોષાધ્યક્ષ અને પ્રમુખ અગર મંત્રી પૈકી એક એમ બે સભ્યોની સહીથી કાર્યવાહક સમિતિની મંજૂરીથી નાણાં બેંકમાંથી ઉઠાવી શકશે.

(૪) દર ત્રણ માસનો હિસાબ જ્યારે કાર્યવાહક સમિતિ મળે તે સમયે રજુ કરશે.

૧૨. અન્વેષક :—

(૧) ખજાનચીએ તૈયાર કરેલા હિસાબો જોઇ તપાસી પોતાના અભિપ્રાય સાથે હેવાલ પ્રમુખ–મંત્રીને મોકલશે.

(૨) સંઘના હિસાબો અવારનવાર અચૂક તપાસી જોઈ તેની કાર્યવાહક સમિતિને જાણ કરશે.

## ૧૩. તંત્રી અને પ્રકાશક :—

સંઘની નીતિ અનુસાર માસિકનું સંચાલન કરશે.

## ૧૪. પ્રકીર્ણ નિયમો :—

(૧) સંઘની સભાઓ નીચે પ્રમાણે અગાઉથી સૂચના આપી બોલાવવામાં આવશે :

(૧) સામાન્ય સભા પંદર દિવસ અગાઉ.

(૨) મહાસમિતિ દસ દિવસ અગાઉ.

(૩) કાર્યવાહક સમિતિ આઠ દિવસ અગાઉ.

(૨) મહાસમિતિની સભા વરસમાં બે વખત અને કાર્યવાહક સમિતિની સભા દર ત્રણ માસે બોલાવવામાં આવશે.

(૩) મહાસમિતિ અને કાર્યવાહક સમિતિની કાર્યસાધક સંખ્યા અનુક્રમે (૨૫) અને (૯) સભ્યોની ગણાશે.

(૪) કોરમના અભાવે મુલતવી રહેલી સભા જે તે દિવસે ૬ (૭) કલાક બાદ ફરી બોલાવાશે. અને તેને કોરમનો નિયમ લાગુ પડશે નહિ.

(૫) કોઈપણ સભામાં બંને બાજુ સરખા મત થતા હશે તો પ્રમુખને પોતાનો વધારાનો (કાસ્ટીંગ) મત આપવાની સત્તા રહેશે.

(૬) સંઘના બંધારણ વિરૂદ્ધ વર્તન કરનાર અગર તેને નુકસાન કરે તેવી પ્રવૃત્તિ કરનાર કોઈપણ સામે શિસ્ત ભંગનાં

પગલાં લેવાનો અધિકાર કાર્યવાહક સમિતિની ભલામણથી મહાસમિતિને રહેશે.

(૭) વર્ષની અધવચ્ચે ખાલી પડતી કોઈ હોદ્દેદારની કે કાર્યવાહક સમિતિના સભ્યની જગા કાર્યવાહક સમિતિ પૂરી શકશે.

(૮) સંઘમાંથી કમી કે નિવૃત્ત થનાર સભ્યોનો સંઘની મિલકત ઉપર કોઈપણ જાતનો અધિકાર રહેશે નહિ.

(૯) મહાસમિતિ કે કાર્યવાહક સમિતિની સભાઓમાં આમંત્રિત સભ્યો ભાગ લઈ શકશે, પરંતુ મતદાનમાં ભાગ લેવાનો અધિકાર તેમને રહેશે નહિ.

(૧૦) સંઘનું કાર્યાલય મહાસમિતિ નક્કી કરે ત્યાં રાખવામાં આવશે.

(૧૧) (અ) બંધારણના નિયમોના અનુસંધાનમાં જે કોઈ પેટા નિયમોની જરૂર પડે તો કાર્યવાહક સમિતિને પેટા નિયમો ઘડવાની સત્તા રહેશે. પરંતુ બંધારણમાં સુધારા વધારા કરવાની સત્તા મહાસમિતિને જ રહેશે અને તે વાર્ષિક સામાન્ય સભામાં મંજૂર કરાવવાના રહેશે.

(બ) **પેટાસમિતિઓ :—**

સંઘને તેના ધ્યેયને અનુકૂળ પેટાસમિતિઓની જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે પેટાસમિતિઓની નિમણૂંક કરવાનો કાર્યવાહક સમિતિને હક રહેશે. આવી પેટાસમિતિ તેનો હેવાલ કાર્યવાહક સામતિને મંજૂરી માટે મોકલી આપશે.

૧૫. "શ્રી ગુજરાત વાળંદ સેવા–સંઘને ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર નોંધવવો.

---

**નોંધ** :—અમદાવાદમાં તા. ૧–૧૨–૧૯૫૭ના રોજ મળેલ મહાસમિતિની સભામાં તેમજ તા. ૨૭–૨૮ જાન્યુઆરી ૧૯૫૮ના રોજ મળેલા અધિવેશનમાં અને તા. ૨૪ મે ૧૯૫૮ના રોજના ખંભાત મુકામે વાર્ષિક સભામાં સર્વાનુમતે પસાર થયેલું બંધારણ.

પ્રકાશક : મંત્રીઓ, શ્રી ગુજરાત વાળંદ સેવા સંઘ.
્દ્રક : ઈશ્વરભાઈ લલ્લુભાઈ મિસ્ત્રી, "ઉષા પ્રિન્ટરી" કાંસકીવાડ, સુરત.